ગુજરાતનો મહાસંગ્રામ 2012

મણિનગરમાં વિકાસ

- મણિનગરમાં દેશમાં પ્રથમ સિંગલ ટ્રેક બીઆરટીએસ કોરીડોર
- શહેરમાં પ્રથમ ડબલ ડેક્કર ફ્લાયર ઓવરનું સીટીએમ ક્રોસ રોડ પર નિર્માણ
- સ્ટોર્મ વોટર ડ્રેમ અને વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવાયા
- મોદીના મણિનગર મત વિસ્તારને ગુજરાતના રાઈ બરેલી તરીકે ગણવામાં આવે છે
- મોદીના આક્ષેપ છતાં જવાહરલાલ નહેરુ નેશનલ મિશન હેઠળ શહેરો માટે ફંડ ફાળવણીના મામલામાં મોદીના મણિનગરને સૌથી વધુ રકમ મળી
- મણિનગરને જેએનએનયુઆરએમ પ્રોજેક્ટ માટે ૪૩૫ કરોડની રકમ મળી
- છ વર્ષમાં મણિનગરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ઉપર ખર્ચની રકમ કુલ ખર્ચ કરવામાં આવેલી રકમ કરતા ૧૬ ટકા વધુ

મણિનગરમાં સુવિધાઓ

મણિનગરમાં એએમસી નિર્મિત સુવિધાઓ પણ મોટી સંખ્યામાં છે. છેલ્લા છ વર્ષના ગાળામાં મણિનગર મત વિસ્તાર વિકાસ અને રિયાલિટી પ્રોજેક્ટો માટે મજબૂત કેન્દ્ર તરીકે ઊભર્યું છે. કેન્દ્ર દ્વારા ૧૫૪.૮૪ કરોડ રૂપિયા જારી કરાયા છે. રાજ્ય દ્વારા ૬૫.૩૯ કરોડ જારી કરાયા છે. એએમસી નિર્મિત સુવિધાઓ મણિનગરમાં નીચે મુજબની છે.

સુવિધા	ખર્ચ (કરોડમાં)
કાંકરિયા લેક ફ્રન્ટ	૪૧.૫
કિડ સિટી	૧૩.૫
પિકનીક હાઉસ	૧.૭
તિથડ બેલુન	૧૦
ટેનિસ કોર્ટ	૦.૩૧
મલ્ટીલેવલ પાર્કિંગ	૨૫
સ્પોર્ટ કોમ્પલેક્સ	૭
એલજી મેડીકલ કોલેજ	૪૫
એલજી કોલેજ માટે પીજી હોસ્ટેલ	૧૮
એએમસી ઓફિસર ફ્લેટ	૫
રૂક્ષમણી હોસ્પિટલ	૩.૫
ખોખરા પુલ રિનોવેશન	૨.૬
સિટી સિવીક સેન્ટલ	૦.૬
બલવતરાય હોલ રિનોવેશન	૪
સ્વીમીંગપુલ	૫.૭
કુલ	૧૮૩.૪૧

જેએનએનયુઆરએમ હેઠળ સૌથી વધુ નાણાં

મોદીના મણિનગર મત વિસ્તારને સૌથી વધુ ફંડ

પ્રોજેક્ટો માટે મણિનગરને ૪૩૫ કરોડની રકમ મળી છે કેન્દ્રોનું યોગદાન ૧૫૪.૮૪ કરોડ : શ્રેણીબદ્ધ સુવિધાઓ

અમદાવાદ,તા. ૨૮

ગુજરાતને અન્યાય કરવામાં આવી રહ્યો છે તેવો આક્ષેપ કેન્દ્ર સરકાર ઉપર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હમેશા કરતા રહે છે પરંતુ જ્યારે કેન્દ્ર સરકારની જવાહર લાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશનની વાત કરવામાં આવે છે ત્યારે મુખ્યમંત્રીના મત વિસ્તારને સૌથી વધુ રકમની ફાળવણી કરવામાં આવેલી છે. અમદાવાદમાં મોદીના મત વિસ્તારને સૌથી વધારે લાભ મળ્યો છે. મોદીના મણિનગરને જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશન પ્રોજેક્ટ માટે ૪૩૫ કરોડની રકમ મળી છે. ધારાધોરણ મુજબ દરેક જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશન પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકાર ૩૫ ટકાનું યોગદાન આપે છે જ્યારે રાજ્ય સરકાર અને સ્થાનિક સુધરાઈ સંસ્થાઓ ક્રમશ ૧૫ અને ૫૦ ટકાનું યોગદાન આપે છે. રસપ્રદ બાબત એ છે કે છેલ્લા છ વર્ષના ગાળામાં મણિનગરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટો ઉપર ખર્ચની રકમ સમગ્ર શહેરમાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન મિશન પ્રોજેક્ટો પર કરવામાં આવેલી ૨૬૯૪ કરોડ રૂપિયાની ખર્ચની રકમ કરતા ૧૬ ટકા વધુ રકમ છે. આ રકમ ખૂબ જ વધારે છે. સીમાંકનની બાબત પહેલાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ ૧૩ મત વિસ્તાર આવતા હતા. મણિનગર પર ૪૩૫.૯૨ કરોડ રૂપિયાની ખર્ચની રકમ રહી છે જે પૈકી કેન્દ્ર સરકારનું યોગદાન ૧૫૪.૮૪ કરોડની આસપાસનું છે. જ્યારે રાજ્ય સરકારે ૬૫.૩૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૧૫.૫૯ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરી છે. રેલવે ઓવરબ્રિજ, સીટીએમ ક્રોસ રોડ ખાતે પ્રથમ ડબલ ડેક્કર ફ્લાયરઓવર, દેશમાં પ્રથમ સિંગલ ટ્રેક બીઆરટીએસ કોડીનોર, સ્ટોર્મ વોટર ડ્રેન, ઝુંપડપટ્ટીઓ માટે આવાસ, વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ અહીં સ્થાપિત કરવામાં આવ્યા છે. અમદાવાદના મેયર આશિત વોહા મણિનગર મત વિસ્તારના ઈન્ચાર્જ છે. તેમનું કહેવું છે કે મણિનગરમાં વિકાસ ચારે બાજુ જોવા મળે છે. એક અંગ્રેજી અખબારમાં આ મુજબના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

અસંતોષની આગનો લાભ ભાજપે ઉઠાવ્યો

કોંગી બળવાખોર દલિત નેતા ભાજપ ટિકિટ ઉપરથી લડશે

ભાજપમાં જોડાયેલા ગીરીશ પરમારને દાણીલીમડા બેઠક પરથી ટિકિટ અપાઈ : એક પછી એક કોંગી કાંગરા પડ્યા

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાતને પગલે કોંગ્રેસમાં ભડકી ઉઠેલી અસંતોષની આગથી ભાજપ રાજકીય રોટલા શેકી રહ્યું છે અને કોંગ્રેસથી નારાજ ધારાસભ્યો અને હોદ્દેદારો વગેરેને તેમની ટીમ સાથે ભાજપમાં જોડાયા બાદ આજે ભૂતપૂર્વ પ્રધાન એક પછી એક ભાજપમાં પ્રવેશ અપાતા ચૂંટણી પહેલાં જ ગુજરાત કોંગ્રેસના કાંગરા ખરી રહ્યા હોવાના દ્રશ્યો સર્જાયા છે. ગઈકાલે મંગળવારે કોંગ્રેસના ઉમરેઠના ધારાસભ્ય લાલસિંહ વડોદીયા તેમની ટીમ સાથે અને પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ ગીરીશ પરમાર તથા ભૂતપૂર્વ કોર્પોરેટર સમજૂબેન નાડિયા તેમની ટીમ સાથે ભાજપમાં જોડાઈ જતા કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો છે. ગુજરાત કોંગ્રેસમાં મૂળ શંકરસિંહ વાઘેલા જૂથના દલિત આગેવાન ગણાતા ગીરીશ પરમાર ભાજપમાં જોડાતા હજુ કેટલાક મોટા માથાઓ ભાજપમાં જોડાશે અને આ તો માત્ર ટ્રેલર છે 'પિક્ચર તો અભી બાકી હૈ મેરે દોસ્ત' તેવી ભારે રમૂજભરી અટકળો રાજકીય વર્તુળોમાં વહેતી થઈ હતી. દલિતોના દબદબાવાળી અમદાવાદની દાણીલીમડાની બેઠક માટે કોંગ્રેસ પક્ષે શૈલેષ પરમારની પસંદગી કરી હોવાથી ગીરીશ પરમાર સહિત કોંગ્રેસના પ્રવક્તા જયંતિ પરમાર વગેરેએ તેમના હોદ્દા પરથી રાજીનામા આપી દીધા હતા. તેમ છતાં કોંગ્રેસના હાઈકમાન્ડ તથા પ્રદેશ નેતાઓએ આ બન્ને દલિત નેતાઓના વિરોધની નોંધ સુદ્ધા લીધી ન હોવાથી આખરે ગીરીશ પરમારે ભાજપ તરફ નજર ફેરવી હતી. ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પરસોત્તમ રૂપાલા તથા રમતગમત મંત્રી ફકીરભાઈ વાઘેલા સાથે મિટીંગ થયા બાદ અને ભાજપના ઉમેદવાર તરીકે દાણીલીમડાની ટિકીટ આપવાની ખાતરી મળ્યા બાદ ગીરીશ પરમાર તેમના અન્ય ટેકેદારો સાથે આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે આજે ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ કૌશિક પટેલે ગીરીશ પરમાર, પૂર્વ કોર્પોરેટર, સમજૂબેન નાડિયા, કનુ પરમાર, કોંગ્રેસના શહેર મંત્રી વિનોદ પરમાર, યુવા કોંગ્રેસના શહેર મંત્રી ભાવિક પરમાર વગેરેને કેસરી ખેસ ઓઢાડી પક્ષમાં તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ભાજપના શહેર પ્રમુખ રાકેશ શાહ, જયંતિભાઈ બારોટ, કોષાધ્યક્ષ સુરેન્દ્ર પટેલ, મીડિયા સેલના કન્વીનર ડો. જગદીશ ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મોદીની થ્રી-ડી ઈમેજવાળી વધુ ૨૬ જાહેરસભા આજે યોજાશે

અન્ય ૨૬ જાહેરસભા ચોથી ડિસેમ્બરે : થ્રી-ડી ઈમેજવાળી કુલ ૧૦૪ જાહેરસભા યોજાશે : ભાજપ આક્રમક મૂડમાં

અમદાવાદ, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે અત્યાધુનિક થ્રીડી ટેકનોલોજી આધારિત હોલોગ્રાફીક ઈમેજના માધ્યમથી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વધુ ૧૦૪ જાહેરસભાઓનું ભાજપ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ચાર મહાનગર પાલિકાઓમાં ગત તા. ૧૮મી નવેમ્બરે યોજાયેલી ચાર જાહેરસભા બાદ હવે આવતીકાલે તા. ૨૯મી નવેમ્બરે વધુ ૨૬ સ્થળોએ અને તા. ૪ ડિસેમ્બરે ૨૬ સ્થળોએ જાહેરસભાઓ યોજાશે. આ ઉપરાંત બાકી રહેલી વધુ ૫૨ જાહેરસભા માટે કાર્યક્રમ તૈયાર થઈ રહ્યો છે. ભારતીય પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ૧૩ ડિસેમ્બરના રોજ યોજાનારી પ્રથમ તબક્કાની ૮૭ બેઠકોના ચૂંટણી પ્રચારાર્થે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી થ્રી ડી ટેકનોલોજીની મદદથી આવતીકાલે ૨૯ નવેમ્બરના રોજ ૨૬ સ્થાનો પર જાહેરસભા અને જનતા જનાર્દનને સંબોધન કરશે અને કમળલહેર ઉભી કરશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સાંજે ૬.૦૦ કલાકે એક સાથે ૨૬ સ્થાનો પર પ્રત્યક્ષ સ્વરૂપે જોવાનો સાંભળવાનો અવસર પ્રાપ્ત થશે.

દૂરદર્શન-આકાશવાણી ઉપર ભાજપના નેતાઓનું સંબોધન

ભાજપાના પ્રદેશ મીડીયા સેલના, દૂરદર્શન-આકાશવાણીના પ્રચાર-પ્રસાર વિભાગના ઈન્ચાર્જ શ્રી મૌલિક જોશીએ જણાવ્યું છે કે દૂરદર્શન પર આવતીકાલ ગુરુવારથી પક્ષના પ્રચાર-પ્રસાર વિવિધ વિષયો પરના પ્રવચનની શરૂઆત થઈ છે. જેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

તારીખ	સમય સાંજે	વક્તાનું નામ
૨૯.૧૧.૧૨	૬.૧૦	મનસુખભાઈ માંડવીયા
૨૯.૧૧.૧૨	૬.૪૦	ભરતસિંહ પરમાર
૩૦.૧૧.૧૨	૬.૪૦	હર્ષદભાઈ પટેલ
૦૩.૧૨.૧૨	૬.૨૫	ભરતભાઈ પંડ્યા
૦૫.૧૨.૧૨	૭.૨૦	પરસોત્તમભાઈ રૂપાલા
૦૬.૧૨.૧૨	૬.૧૦	અસિતભાઈ વોરા
૦૬.૧૨.૧૨	૬.૪૦	આનંદીબેન પટેલ
૦૬.૧૨.૧૨	૭.૨૦	સ્મૃતિબેન ઈરાની

આ વખતે હજુ સુધી ચિત્ર સ્પષ્ટ નથી

કઈ ચૂંટણીમાં કઈ લહેર...

ગુજરાતમાં દરેક ચૂંટણીમાં કોઈને કોઈ મોજું ફળી વળવાના કારણે કોંગ્રેસ અને ભાજપને જીત હાર મળી છે. છેલ્લા ૩૦ વર્ષના ગાળામાં તમામ વિધાનસભા ચૂંટણી દરમિયાન કોઈ એક લોકપ્રિય મોજું રહેવાના લીધે સ્થિતિ ઝડપથી બદલાઈ છે. અયોધ્યાથી લઈને ગોધરાકાંડ વચ્ચેના મોજાથી ભાજપ અને કોંગ્રેસને લાભ અને નુકસાન થતું રહ્યું છે. કઈ ચૂંટણીમાં કયા મોજાની અસર જોવા મળી હતી તેને લઈને અટકળો વચ્ચે સ્થિતિ સ્પષ્ટ થઈ ચૂકી છે પરંતુ આ વખતે હજુ સુધી કોઈ વિશેષ લહેર જોવા મળી રહી નથી. કયા વર્ષે કઈ લહેર હતી તેના આંકડા નીચે મુજબ છે.

સહાનુભૂતિ મોજું (૧૯૮૫)

કોંગ્રેસને ૧૯૮૦ અને ૧૯૮૪ વચ્ચે વધારે મહેનત કરવાની જરૂર પડી ન હતી. ૩૧મી ઓક્ટોબર ૧૯૮૪ના દિવસે ઇન્દીરા ગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી જેથી કેન્દ્રમાં સહાનુભૂતિ મોજું ફળી વળતાં રાજીવ ગાંધી કેન્દ્રમાં સત્તા ઉપર આવ્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસને વિધાનસભાની ચૂંટણી દરમિયાન આગામી વર્ષે ભારે ફાયદો થયો હતો. માધવસિંહ સોલંકીની પાર્ટીએ જોરદાર સપાટો બોલાવીને ૧૪૯ બેઠકો જીતી લીધી હતી.

રામજન્મભૂમિ લહેર (૧૯૯૦)

ગુજરાતની રચના કરવામાં આવ્યા બાદથી પ્રથમ વખત કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો હતો. રાજ્યમાં અયોધ્યા ચળવળ અને અડવાણીની પ્રસિદ્ધ રથયાત્રાના કારણે જેડી-ભાજપ સરકાર રચાઈ હતી. સોમનાથથી અડવાણીની યાત્રા શરૂ થઈ હતી. જેડી અને ભાજપે કોંગ્રેસને રોકવા માટે બેઠકોની વહેચણી કરી હતી. ચીમનભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા હતા.

હિંદુત્વ લહેર (૧૯૯૫)

જેડી-ભાજપ ગઠબંધનનો અર્ધવચ્ચે જ અંત આવી ગયો હતો જેથી ભાજપે ૧૯૯૫ની વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડવાનો નિર્ણય કર્યો હતો. ભાજપે બાબરી ધ્વંસનો લાભ ઉઠાવ્યો હતો. હિન્દુત્વની લહેરથી પ્રથમ વખત રાજ્યમાં ભાજપની સરકાર રચાઈ હતી. કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા હતા. ભાજપે ભય, ભુખમરા, ભ્રષ્ટાચારથી મુક્ત ગુજરાતની રચના કરવાની વાત કરી હતી.

ખજુરીયા હજુરીયા લહેર (૧૯૯૮)

મુખ્યમંત્રી તરીકે કેશુભાઈને પ્રથમ વખત ફટકો પડ્યો હતો. તેમના તત્કાલીન સાથી શંકરસિંહ વાઘેલાએ બળવો કર્યો હતો. ભાજપના બળવાખોર ધારાસભ્યની મદદથી વાઘેલાએ આ બળવો કર્યો હતો અને સરકારની રચના કરી હતી. આમા કોંગ્રેસની મદદ લેવામાં આવી હતી. વાઘેલા અને કોંગ્રેસ હાઈકમાન્ડ વચ્ચે સંબંધો વણસી ગયા હતા અને ૧૯૯૮માં વહેલી ચૂંટણી યોજાઈ હતી. આ વખતે ભાજપે ખજુરીયા હજુરીયાનો ફાયદો ઉઠાવ્યો હતો અને જંગી બહુમતી સાથે જીત મેળવી હતી. કેશુભાઈ ફરી મુખ્યમંત્રી બન્યા હતા.

ગોધરા લહેર (૨૦૦૨)

કેશુભાઈ પટેલના સહાનુભૂતિકારોએ તેમને અનલક્કી મુખ્યમંત્રી તરીકે ગણાવ્યા હતા. તેમની અવધીમાં દુષ્કાળ, સુપર સાઈકોન અને ભૂકંપ આવ્યા હતા. ભાજપની અંદર પણ તેમને દૂર કરવાની વાત સપાટી પર આવી હતી જેના કારણે ૨૦૦૧માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી બનાવામાં આવ્યા હતા. ત્યારબાદ થોડાક સમયમાં જ ગોધરા ટ્રેન અગ્નિકાંડ અને ત્યારબાદ સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી જેથી ભાજપે ચૂંટણીમાં ૧૨૭ બેઠકો જીતી હતી.

મોત કા સોદાગર લહેર (૨૦૦૭)

૩જી ડિસેમ્બર ૨૦૦૭ સુધી કોઈપણ મોટા મુદ્દાઓ ન હતા. મોદીને લાભ મળે તેવી કોઈ સ્થિતિ ન હતી. વિકાસના આધાર ઉપર જ તેઓ ચાલી રહ્યા હતા પરંતુ સોનિયા ગાંધીએ અહીં પ્રચાર દરમિયાન મોત કા સોદાગર શબ્દનો ઉપયોગ કરીને સ્થિતિ બદલા નાખી હતી. આની સાથે જ ફરી એકવાર આતંકવાદનો મુદ્દો સપાટી ઉપર આવ્યો હતો. બનાવટી એન્કાઉન્ટરના મુદ્દે પણ મોજું ફળી વળ્યું હતું અને મોદીને ભારે જીત મળી હતી. ૨૦૦૭માં ૧૧૭ બેઠકો જીતી હતી.

સાતસો કરોડનો કુલ ખર્ચ ગણીએ તો એક ધારાસભ્ય ૩.૮૫ કરોડમાં ચૂંટાશે

પ્રત્યેક ઉમેદવારને ૧૬ લાખ ખર્ચ કરવાની મર્યાદા, પાર્ટી માટે અનલિમિટેડ : ચૂંટણી પંચનો સત્તાવાર ખર્ચ ૧૫૦ કરોડ થશે : ૩૦૦૦ કરતાં વધુ ઉમેદવારો મેદાનમાં હશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો માટે ખર્ચની મર્યાદા ભલે હોય, પાર્ટી અન લિમિટેડ ખર્ચ કરી શકતી હોવાથી આ ચૂંટણીમાં બન્ને પાર્ટીના ઉમેદવારો અને રાજકીય નેતાઓ દ્વારા ૭૦૦ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે. એનો મતલબ એ થયો કે ખર્ચનો આંકડો હકીકત બને તો ગુજરાતમાં વિધાનસભાની ૧૮૨ પૈકી એક બેઠકની ચૂંટણીનો કુલ ખર્ચ ૩.૮૫ કરોડ થઈ શકે છે.

બિન સત્તાવાર માહિતી પ્રમાણે છેલ્લે ૨૦૦૭માં રાજકીય નેતાઓ અને પાર્ટીઓ દ્વારા ૫૦૦ કરોડનો ખર્ચ થયો હતો. પાંચ વર્ષમાં વધેલી મોંઘવારીને કારણે ખર્ચમાં ૨૦૦ કરોડનો વધારો થઈ શકે તેમ છે.

રાજ્યમાં ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજાનાર છે. આ કાર્યવાહીમાં ફરજ ઉપર તૈનાત જવાનો અને મતદારોની સલામતી માટે રાજ્ય સરકાર ૪૫ કરોડનો ખર્ચ કરી રહી છે. એ ઉપરાંત ભારતના ચૂંટણી પંચને ૧૦૫ કરોડનો સત્તાવાર ખર્ચ કરવો પડે તેમ છે, એમ કુલ મળીને ચૂંટણી પંચનો ખર્ચનો અંદાજ ૧૫૦ કરોડનો રાખવામાં આવ્યો છે.

ચૂંટણીના બે તબક્કા છે. પહેલા તબક્કાની ૮૭ બેઠકોમાં ૧૨૧૮ ઉમેદવારો મેદાનમાં છે, જ્યારે બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ૧૫૦૦ ઉમેદવારોની ધારણા રાખીએ તો બન્ને તબક્કાના મળીને કુલ ઉમેદવારોની સંખ્યા ૩૦૦૦ને ક્રોસ કરી જાય તેવી છ, જે ૧૯૯૫ના ૨૫૪૫ ઉમેદવારોનો રેકોર્ડ તોડશે.

ગુજરાતની બન્ને મુખ્ય પાર્ટીઓએ ૧૮૨ ઉમેદવારો ઉભા રાખ્યા છે. સૌથી વધુ ખર્ચ આ ઉમેદવારો માટે થશે. બન્ને પાર્ટીના મળીને કુલ ૩૬૪ ઉમેદવારો પૈકી એક ઉમેદવાર એક કરોડ ખર્ચ કરે તો પણ ખર્ચનો આંકડો ૩૬૪ કરોડ થઈ શકે છે. એ ઉપરાંત બન્ને પાર્ટીના સ્ટાર પ્રચારકોના હવાઈખર્ચ

સહિતના તેમના એકોમોડેશનના ખર્ચની ગણતરીમાં બીજા ૩૦ કરોડ મૂકી શકાય તેમ છે.

એટલે કે ૪૦૦ કરોડ ઉમેદવારો માટેના અને ચૂંટણી પંચના ૧૫૦ કરોડ ગણીએ તો પણ ૫૫૦ કરોડનો અંદાજ બાંધી શકાય છે. ગુજરાતમાં આ વખતે ત્રીજો મોરચો મેદાનમાં છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રત્યેક ઉમેદવાર પાછળ ૨૫ લાખનો ખર્ચ થાય તો પણ તેના ચૂંટણી લડી રહેલા કુલ ઉમેદવારો માટે ૪૫ કરોડનો આંકડો મૂકી શકાય તેમ છે.

આ વખતની ચૂંટણી ભારે રસાકસીભરી બની રહેવાની છે ત્યારે બન્ને મુખ્ય પાર્ટીના પ્રત્યેક ઉમેદવાર સરેરાશ બિન સત્તાવારરીતે બે કરોડનો ખર્ચ કરી શકે છે. જો તેમ થાય તો આ ચૂંટણી ગુજરાતને ૮૦૦ કરોડમાં પડી શકે છે.

રાજ્યમાં પ્રત્યેક વિધાનસભા બેઠક માટે ઉમેદવારના ખર્ચની મહત્તમ મર્યાદા ૧૬ લાખની કરવામાં આવી છે એટલે કે ત્રણેય મુખ્ય પાર્ટીઓના ૫૪૬ ઉમેદવારો સત્તાવારરીતે ૮૭.૩૬ કરોડનો ખર્ચ કરશે. બીજા શક્તિશાળી ૮૦ ઉમેદવારો લઈએ તો તેમના બીજા ૧૩ કરોડ થાય છે. એટલે કે ઉમેદવારો સત્તાવાર ૧૦૦ કરોડનો ખર્ચ કરી શકે છે.

જો આ આંકડામાં સટ્ટાબજારના આંકડા ઉમેરવામાં આવે તો બીજા ૧૫૦૦ થી ૨૦૦૦ કરોડના વિશાળ વેરિયેશન સાથેનો અ...ધ...ધ... ખર્ચ આવી શકે છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી મોંઘી બની છે તેમ હવે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ પણ મોંઘીદાટ બનતી જાય છે. હવે એક લાખ કે દસ લાખમાં ચૂંટણી જીતી શકાતી નથી. ૧૯૬૨ થી ૧૯૭૨ સુધીની ચૂંટણીમાં ઉમેદવારો માંડ એક લાખ રૂપિયા ખર્ચી શકતા હતા.

૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં કુલ ખર્ચ ૫૦૦ કરોડ થયો હોવાનો અંદાજ હતો : મોંઘવારીના કારણે ૨૦૦ કરોડનો વધારો